ઝૂંપડપટ્ટી પુનઃવસન તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકો (EWS) માટે આવાસો બનાવવા માટે રાજય સરકારની સહાયની યોજના

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૩/૪૬/થ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૧૮/૭/૨૦૧૩

આમુખ:-

શહેરી વિસ્તારોમાં વાજબી કિંમતના આવાસોની જરૂરિયાતને ધ્યાનમાં લઇ, ગુજરાત સરકાર ધ્વારા ૧૨મી પંચવર્ષિય યોજના દરમ્યાન મુખ્ય મંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજના જાહેર કરવામાં આવી છે. રાજય સરકારનું લક્ષ્ય ગુજરાત રાજયના શહેરી વિસ્તારને આગામી પાંચ વર્ષમાં ઝૂંપડપટ્ટી મુકત બનાવવાનું છે. શહેરી વિસ્તારમાં જે લાખો કુટુંબો ઝૂંપડાઓમાં વસે છે તેઓનું તે જ સ્થળે પુનઃવસન કરવાની નીતિને અગ્રતા આપવાની રાજય સરકારની નેમ છે. આ ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓને પોતાનું માલિકીનું મકાન સસ્તા દરે મળે તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે. જેના અંતર્ગત દરેક ઝૂંપડાવાસી કુટુંબને તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓને પાકું આવાસ આપવામાં આવે તેવું આયોજન રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાને અંતે રાજય સરકાર દ્વારા નીચે મુજબની યોજના મંજૂર કરવામાં આવે છે.

ઠરાવ:-

ઝૂંપડપટ્ટી પુનઃવસન અને આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે આવાસોનો લઘુતમ કારપેટ વિસ્તાર ૨૫ ચો.મી. તેમજ મહત્તમ ૩૦ ચો.મી રહેશે જેમાં બે રૂમ, રસોડું, બાથરૂમ અને ટોયલેટ સાથે સુવિધા આપવામાં આવશે.

## (A) ઝૂંપડપટ્ટી પુનઃવસન માટેની યોજના

**જમીનની જોગવાઇ:**

મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, તથા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારોમાં હયાત ઝૂંપડપટ્ટીને પુનઃવસન (Slum Rehabilitation) કરી તે જ જગ્યાએ આવાસો બાંધવામાં આવશે. જે ઝૂંપડપટ્ટીનું પુનઃવસન તે જ સ્થળે કરવું શકય નથી તેનું સરકારી / ULC / ULB / GHB ની જમીનો પર પુનઃવસન કરવામાં આવશે.

**અમલીકરણ એજન્સી-**

- આ યોજનાનું અમલીકરણ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, તથા શહેરી વિકાસ સત્તા મંડળો/ વિસ્તાર વિકાસ સત્તા મંડળો ધ્વારા કરવામાં આવશે અને રાજય સરકાર ધ્વારા તે માટે સહાય આપવામાં આવશે.

**નોડલ એજન્સી-**

- એફોર્ડેબલ હાઉસીંગ મિશન, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, જી.એમ.એફ.બી. બિલ્ડીંગ, ગાંધીનગર નોડલ એજન્સી તરીકે કામગીરી કરશે.

**લાભાર્થીઓની પસંદગી:-**

- અમલીકરણ એજન્સી દ્વારા રીહેબીલીટેશન માટે ઇલેકટ્રીસીટી બિલ, મતદાર ઓળખ કાર્ડ, સ્લમ સર્વે અથવા રેશનકાર્ડ આ ચાર પૈકી કોઇ પણ બે માપદંડ આધારે લાભાર્થીઓની યાદી તૈયાર કરવાની રહેશે.
- આ લાભાર્થીઓ તા.૧/૧૨/૨૦૧૦ની CUT OF DATEના રોજ તે ઝૂંપડપટ્ટીમાં રહેતા હોવા જોઇએ.
- આ લાભાર્થીઓને આવાસની ફાળવણી કોમ્પ્યુટરાઇઝડ પધ્ધતિથી ડ્રો કરીને કરવામાં આવશે.
- લાભાર્થીઓને સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ અગ્રતાક્રમ આપવામાં આવશે.
- આવાસનું રજીસ્ટ્રેશન રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પૂરા)ના સ્ટેમ્પ પેપર પર કરવાનું રહેશે.
- લાભાર્થીને ફકત આવાસના માલિકી હકક પત્નિ - પતિના સંયુકત નામે આપવામાં આવશે તેમાં પતિ-પત્નીના કિસ્સામાં મહિલાનો માલિકી હકક પ્રથમ ગણવામાં આવશે.
- જે સ્લમનું પુનર્વસન કરવામાં આવે તે જગ્યાએ ફરી સ્લમનું નિર્માણ ન થાય તેની જવાબદારી અમલીકરણ એજન્સીની રહેશે.

સહાયની રકમ:-

(૧) ઝૂંપડપટ્ટી પુનઃવસનની જે યોજનાઓ માટે કેન્દ્ર સરકારની સહાય મંજૂર થાય તે યોજનાઓ માટે કેન્દ્ સરકારનો, રાજય સરકારનો, સ્થાનિક સ્વરાજયની સંસ્થા (ULB )નો તથા લાભાર્થીનો ફાળો નીચે મુજબનો રહેશે.

આ યોજના હેઠળ ૫૦ ટકા કેન્દ્ર સરકારનો ફાળો, ૩૮ ટકા રાજય સરકાર અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો ફાળો ૧૨ ટકા લાભાર્થીનો ફાળો રહેશે. ઉપરોકત ૩૮ ટકા ફાળો નીચે મુજબ રહેશે.

અમદાવાદ અને સુરતમાં ૧૦ ટકા સ્થાનિક સ્વરાજયની સંસ્થા અને ૨૮ ટકા રાજય સરકારનો ફાળો રહેશે.

વડોદરા અને રાજકોટમાં ૫ ટકા સ્થાનિક સ્વરાજયની સંસ્થા અને ૩૩ ટકા રાજય સરકારનો ફાળો રહેશે

અન્ય શહેરો (સ્થાનિક સ્વરાજયની સંસ્થા) માં ૩૮ ટકા રાજય સરકારનો ફાળો રહેશે.

(૨) ઝૂંપડપટ્ટી પુનઃ વસનની યોજના માટે એનેક્ષર-૨ મુજબની છૂટછાટ આપવામાં આવશે.

લાભાર્થીનો ફાળો:

- આવાસનની યોજના માટે લાભાર્થીનો ફાળો રૂ.૩૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરા) અથવા આવાસની કિંમતના ૧૨% બેમાંથી જે વધુ રકમ હોય તેટલો રહેશે.
- લાભાર્થી બેંક લોનનો લાભ મેળવી શકે તે માટે અમલીકરણ એજન્સી ધ્વારા બેંક સાથે સંકલનની યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે અને લાભાર્થીને આ બાબતે મદદ કરવાની અને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવાનુ રહેશે.

લાભાર્થીને આવાસનો કબ્જો:

આવાસનો કબજો સુપ્રત કર્યા બાદ લાભાર્થીઓ ધ્વારા નિયમાનુસાર વસાહત મંડળ (એસોસીએશન)ની સ્થાપના કરવાની રહેશે. તેની નિભાવણી / જાળવણી વિગેરે અને વહીવટી કામગીરીની સોંપણી કરવાની રહેશે.

- લાભાર્થી ધ્વારા આવાસની ફાળવણીના ૧૫ વર્ષ સુધી તેનું આવાસ ભાડે આપી શકાશે નહીં અથવા વેચી શકાશે નહીં. જો તે આમ કરશે તો અમલીકરણ એજન્સી આવાસનો કબ્જો પરત લઇ શકશે.
- જમીનની માલિકી સ્થાનિક સ્વરાજયની સંસ્થા (ULB)ની રહેશે.

**(B)** આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે આવાસો બનાવવાની યોજના **(GREEN FIELD)**

**જમીનની જોગવાઇ:**

- મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, તથા શહેરી વિકાસ સત્તા મંડળોને મહેસુલ વિભાગના નિયમો/ઠરાવોની જોગવાઇને આધિન સરકારી તેમજ શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ (ULC) હેઠળ જે જમીન ફાળવવામાં આવે તે ઉપરાંત મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, તથા શહેરી વિકાસ સત્તા મંડળો આ ઉપલબ્ધ જમીનો ઉપર આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસની યોજના શરૂ કરી શકશે. શહેરી વિકાસ અને નગર રચના અધિનિયમ હેઠળ EWS Housing માટે અનામત રાખવામાં આવેલી જમીનોનો ઉપયોગ પણ આ હેતુ માટે કરવાનો રહેશે.
- ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલ (ગુ.હા.બોર્ડ) હસ્તકની જમીનનો ઉપયોગ પણ આ યોજના માટે થઇ શકશે.

**અમલીકરણ એજન્સી-**

- આ યોજનાનું અમલીકરણ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી વિકાસ સત્તા મંડળો/ વિસ્તાર વિકાસ સત્તા મંડળો તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ ધ્વારા કરવામાં આવશે અને રાજય સરકાર ધ્વારા તે માટે સહાય આપવામાં આવશે.

**નોડલ એજન્સી-**

- એફોર્ડેબલ હાઉસીંગ મિશન, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, જી.એમ.એફ.બી. બિલ્ડીંગ, ગાંધીનગર નોડલ એજન્સી તરીકે કામગીરી કરશે.

**લાભાર્થીઓની પસંદગી-**

- આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટે કૌટુંબિક વાર્ષિક આવકનો માપદંડ રૂ.૩૦૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) થી વધારી રૂ.૧.૦૦/- લાખ (અંકે રૂપિયા એક લાખ) સુધીનો કરવામાં આવશે.
- નવા આવાસો માટે એક લાખ અથવા તેનાથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓ પાસેથી અરજીઓ મેળવીને કોમ્પ્યુટરાઇઝડ ડ્રો થી પારદર્શક પધ્ધતિથી પસંદગી તથા આવાસોની ફાળવણી કરવાની રહેશે. આવાસ ફાળવણીની Guidelines (માર્ગદર્શક સૂચનાઓ) Annexure - ૩માં દર્શાવવામાં આવેલ છે.
- આવાસોની અરજી મેળવતી વખતે તેમજ ફાળવણી પત્રમાં આવાસની કુલ કિંમત રાજય સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડીની કિંમત તેમજ લાભાર્થીએ ચુકવવાની કિંમત સ્પષ્ટ પણે દર્શાવવાની રહેશે.

- લાભાર્થીને આવાસનો માલિકી હક્ક આપવામાં આવશે. પરંતુ ફાળવણી થયેથી ૭ વર્ષ સુધી લાભાર્થી ધ્વારા આવાસ ભાડે આપી શકાશે નહિ તેમજ વેંચી શકાશે નહિ. ફાળવવામાં આવેલ આવાસની સંયુકત માલિકી (પતિ-પત્નિ)ની રહેશે. અલબત્ત, તેમાં મહિલાનો માલિકી હકક પ્રથમ ગણવામાં આવશે.
- જમીન ૯૯ વર્ષના ભાડાપટ્ટે થી આપવામાં આવશે. જેનો સમય પૂર્ણ થયેથી રીન્યુ કરવામાં આવશે.
- વસાહત મંડળ- આવાસનો કબ્જો સુપ્રત કર્યા બાદ લાભાર્થીઓ ધ્વારા વસાહત મંડળ (એસોસીએશન)ની સ્થાપના કરવાની રહેશે તથા વહીવટી સોંપણી કરવાની રહેશે.
- આવાસનું રજીસ્ટ્રેશન રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પૂરા)ના સ્ટેમ્પ પેપર પર કરવાનું રહેશે.

**સહાયની રકમ:-**

રાજય સરકાર ધ્વારા મહાનગરપાલિકા / નગરપાલિકા / શહેરી વિકાસ સત્તા મંડળ / વિસ્તાર વિકાસ સત્તા મંડળને આવાસ દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- ( અંકે રૂપિયા એક લાખ પૂરા)ની સહાય પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર ધ્વારા જે કોઇ સહાય મંજૂર થાય તે પણ ફાળવવામાં આવશે.

- ઉપરોકત યોજનાઓ અંતર્ગત પ્રવર્તમાન GDCR મુજબ મળવાપાત્ર કોમર્શીયલ બાંધકામ કરી શકાશે તેમજ આવાસની MIXED SCHMES પણ કરી શકાશે. જેની આવકનો ઉપયોગ સ્થાનિક સ્વરાજયની સંસ્થા CROSS SUBSIDY તેમજ આવી યોજનાઓના જાળવણી ખર્ચ માટે કરી શકશે.
- EWS આવાસ યોજના માટે અનુકુળ GDCR એનેક્ષર-૪ માં દર્શાવ્યા મુજબના રહેશે.

લાભાર્થીનો ફાળો:

- આ યોજના હેઠળ મહાનગરપાલિકા/ નગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ / વિસ્તાર વિકાસ સત્તામંડળ ધ્વારા લાભાર્થી પાસેથી સહાય ઉપરાંત બાકી રહેતી કિંમત અથવા રૂા.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા) બે પૈકીની ઓછી રકમ લઇ શકાશે.
- લાભાર્થી બેંક લોનનો લાભ મેળવી શકે તે માટે અમલીકરણ એજન્સી ધ્વારા બેંક સાથે સંકલનની યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે અને લાભાર્થીને આ બાબતે મદદ કરવાની અને યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવાનુ રહેશે.

**ઉપરોકત (A) અને (B) હેઠળની યોજનાઓ માટે નીચે મુજબની સામાન્ય જોગવાઇઓ રહેશે.**

- તમામ લાભાર્થીઓની ફરજીયાત રીતે (U.I.D) યુ.આઇ.ડી.માં નોંધણી કરાવવાની રહેશે.

- મકાનોનાં વીમા માટે રાજય સરકારના નિયમાનુસાર વીમા નિયામકશ્રી સાથે સંપર્ક કરવાનો રહેશે.
- લાભાર્થીને પ્રોપર્ટી કાર્ડ આપવાનું રહેશે.
- મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ ધ્વારા નિયમાનુસાર પ્રોપર્ટી ટેકસની આકારણી કરવાનું રહેશે.

**લાભાર્થીઓને આપવામાં આવનાર મૂળભુત સુવિધાઓ:**

- અમલીકરણ એજન્સી ધ્વારા પાણી પૂરવઠો, ભૂગર્ભ ગટર તથા વિજ પૂરવઠો તથા અન્ય તમામ મૂળભુત પાયાની સુવિધાઓ પુરી પાડવાની રહેશે.
- લાભાર્થીઓને આનુસાંગિક સામાજિક, મૂળભૂત સુવિધા તરીકે આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, ક્ષમતા વર્ધન તાલિમ કેન્દ્ર, (ઉમ્મીદ), બાળકો માટે ક્રિડાંગણ, બગીચો જેવી સુવિધાઓ માપદંડ મુજબ મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.
- ઉપરોકત પાયાની તેમજ સામાજિક આંતરિક સુવિધાઓ માટે આવાસ દીઠ મહત્તમ રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) સુધીની સહાય રાજય સરકાર ધ્વારા આપવામાં આવશે.

**સહાય ચુકવવાની પદ્ધતિઃ-**

- આવાસન માટેની સહાયની યોજના મંજુર થયેથી નોડલ એજન્સી દ્વારા અમલીકરણ એજન્સી એટલે કે,મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી વિકાસ સત્તામંડળો અને વિસ્તાર વિકાસ સત્તામંડળોને સહાયની રકમ ૫૦-૫૦ ટકાના બે હપ્તામાં ચુકવવામાં આવશે.
- આ સહાયની રકમ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી વિકાસ સત્તામંડળો અને વિસ્તાર વિકાસ સત્તામંડળો દ્વારા ઇ.ડબલ્યુ.એસ. આવાસ યોજના/ ઝૂંપડપટ્ટી પુનર્વસન ખર્ચ સામે સરભર કરવામાં આવશે.
- આવાસ અંગેની યોજના મંજુર થયેથી નોડલ એજન્સી ધ્વારા કુલ મંજુર થયેલ સહાયના ૫૦ ટકા રકમ પ્રથમ હપ્તા તરીકે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી વિકાસ સત્તામંડળો અને વિસ્તાર વિકાસ સત્તામંડળોને ચુકવવાની/ છુટી કરવાની રહેશે.
- પ્રથમ હપ્તાની રકમ સામે ઓછામાં ઓછો ૭૦ ટકા ખર્ચ થાય અને ખર્ચના UTC (વપરાશી પ્રમાણપત્ર) નોડલ એજન્સીને મોકલવામાં આવે ત્યાર બાદ સહાયની રકમનો બીજો/આખરી હપ્તો છુટો કરવામાં આવશે.

- જો કોઇ અસાધારણ સંજોગોમાં લાભાર્થી તેના આવાસમાં નિવાસ કરવા માંગતો ન હોય તો લાભાર્થીએ તે આવાસ મહાનગરપાલિકાને પરત કરવાનો રહેશે. જેની ફાળવણી અન્ય પાત્રતા ધરાવતા લાભાર્થીને કરી શકાશે.

યોજનાની ગુણવત્તા:

- સ્લમ રીહેબીલીટેશન/ઇ.ડબલ્યુ.એસ. (આર્થિક રીતે નબળા લોકોની આવાસ યોજનાની ગુણવત્તાની ચકાસણી માટે નિયમોનુસાર TPI (Third Party Inspection) અથવા PMC (Project Management Consultancy)ની નિમણૂંક કરવાની રહેશે. આ તેમજ અન્ય વહીવટી ખર્ચ માટે પ્રોજેક્ટ કોસ્ટના ૩ ટકા સુધીની રકમ વાપરી શકાશે.
- આવી આવાસ યોજના માટેની જમીન પર મહત્તમ ૩.૦ સુધીની FSI વાપરી શકાશે.
- આવાસ યોજનાઓ માટે બિલ્ડીંગ મટીરીયલ / ટેકનોલોજી ન્યુટ્રલ ટેન્ડર ઇસ્યુ કરવાના રહેશે.
- પરંપરાગત બિલ્ડિંગ મટીરીયલ સિવાય ઉપયોગમાં લેવાતી અન્ય બીલ્ડીંગ મટીરીયલ માટે નીચે મુજબના સર્ટીફીકેટસ મેળવવાના રહેશે.
  - CBRI (સેન્ટ્રલ બીલ્ડીંગ રીસર્ચ ઇન્સ્ટીટયુટ) અથવા IIT (ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી) અથવા તેઓના International Affiliate Institution દ્વારા
  - સ્ટ્રકચરલ લાઇફ ઓછામાં ઓછી ૫૦ વર્ષની હોવાનું પ્રમાણપત્ર તેમજ
  - મટીરીયલ્સ ટેસ્ટીંગનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.
  - મટીરીયલ ટેસ્ટીંગ પ્રમાણપત્રમાં નીચે મુજબની બાબતો આવરી
  - લેવાની રહેશે.
  - સ્ટ્રકચરની અગ્નિ પ્રતિરોધક ક્ષમતા
  - થર્મલ એન્ડ એનર્જી પરફોર્મન્સ સર્ટીફિકેટ
  - પૂર, ધરતીકંપ, વાવાઝોડું જેવી કુદરતી આપત્તિઓ સામે સ્ટ્રકચર પ્રતિરોધકતાનું પ્રમાણપત્ર
  - લાઇસન્સ ધરાવતા સ્ટ્રકચરલ એન્જીનીયર દ્વારા સ્ટ્રકચરલ ડીઝાઇન, સ્ટ્રકચરલ સ્ટેબીલીટીનું સર્ટીફીકેટ
  - ગર્વમેન્ટ એજન્સી દ્વારા ઇસ્યુ કરેલ ઓકયુપન્સી સર્ટીફિકેટ / કંપ્લીશન સર્ટીફિકેટ

- આવાસ યોજનાઓની સ્ટ્રકચરલ સેફટી માટે બાંધકામ પ્રવર્તમાન (Prevalent) G.D.C.R. મુજબ તેમજ જરુર જણાયે મકાનની બાહય દિવાલો નેશનલ બિલ્ડીંગ કોડ (NBC) મુજબ બનાવવાની રહેશે.

* આવાસ યોજનાઓ માટેનો ડીફેક્ટ લાયેબીલીટી પીરીયડ ઓછામાં ઓછા ૧૦ વર્ષનો રાખવાનો રહેશે.
* આવાસ યોજનાઓમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા ફરજીયાત રાખવાની રહેશે.
* આ ઉપરાંત શક્ય હોય ત્યાં એનર્જી સેવિંગ, ઇકો ફ્રેન્ડલી બીલ્ડીંગ મટીરીયલ્સનો વપરાશ તેમજ વોટર રીસાયકલ થાય તે ઇચ્છનીય છે.

આવી આવાસ યોજનાઓમાં લેન્ડ સ્કેપીંગ અને વૃક્ષારોપણ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ કરવાનું રહેશે. આ માટે લીમડો, જાંબુ, ગુલમહોર, ગરમાળો, કદમ, દેશી આસોપાલવ, પીપળો, બદામ જેવા વૃક્ષો ઉગાડી શકાય.

આવાસન અંગેની યોજના મંજુર કરવાની પધ્ધતિ :-

* જાહેર સંસ્થાઓ ધ્વારા અમલ કરવામાં આવનાર ઝૂંપડપટ્ટી પુનર્વસનની યોજનાઓની મંજુરી જે તે શહેરી કક્ષાની સ્લમ રીહેબીલીટેશન ઓથોરીટી ધ્વારા આપવામાં આવશે. EWS આવાસ યોજનાની મંજૂરી અમલીકરણ એજન્સી ધ્વારા તેઓની પ્રચલિત પધ્ધતિથી આપી શકાશે.

* સદરહુ યોજનાનો અમલ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ થી કરવાનો રહે છે.
* આ યોજનાઓ અંગેનો દર વર્ષે થનાર ખર્ચ બજેટ જોગવાઇની મર્યાદામાં કરવાનો રહેશે. ચાલુ વર્ષનો ખર્ચ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના બજેટ સદરો હેઠળ કરવાનું રહેશે.

* આ અંગે વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૬/૭/૧૩ની નોંધથી મળેલ સમંતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે તથા તેમના હુકમથી

ઉમા વ્યાસ

( ઉમા વ્યાસ )

સેકશન અધિકારી

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

બિડાણઃ- પરિશિષ્ટ- ૧, ૨, ૩, ૪

પરિશિષ્ટ- ૧- બજેટ હેડ

પરિશિષ્ટ-૨ – ઝૂંપડપટ્ટી પુનઃ વસનની યોજના માટેની છૂટછાટ

પરિશિષ્ટ-૩ – ફાળવણીની ગાઇડલાઇન્સ

પરિશિષ્ટ-૪ – G.D.C.R.

<u>નકલ રવાનાઃ</u>

- માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, (પત્ર ધ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલ, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ (તમામ) , સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ના.વિ.), ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શ.વિ.) ના અંગત સચિવશ્રી,શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રીના અંગત સચિવશ્રી,જી.યુ.ડી.એમ. ગાંધીનગર.
- સચિવશ્રી(હાઉસીંગ)ના અંગત સચિવશ્રી શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(હા.),શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય,ગાંધીનગર
- ઉપ સચિવશ્રી (હા.) શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય,ગાંધીનગર
- હાઉસીંગ કમિશ્નરશ્રી,ગુ.હા.બોર્ડ, અમદાવાદ
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાઓ (તમામ)
- અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (તમામ)
- એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી (તમામ)
- ટીમ લીડર, જી.યુ.ડી.એમ., ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ

## પરિશિષ્ટ-૧

આ યોજના અંગેનું ખર્ચ નીચે મુજબના સદરહે હેઠળ ઉધારવાનું રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | માંગણી ક્રમાંકઃ ૧૦૧ | શહેરી આવાસન |
| | મુખ્ય સદરઃ ૨૨૧૬ | આવાસન |
| | પેટા મુખ્ય સદર ૦૨ | શહેરી ગૃહનિર્માણ |
| | ગૌણ સદર ૧૯૦ | જાહેર સેકટર અને અન્ય ઉપક્રમોને સહાય |
| | પેટા સદર ૦૬ | આર્થિક રીતે નબળા જુથો માટે આવાસ નિમાર્ણ માટે શહેરી સ્થાનિક સંસ્થાઓ શહેરી વિકાસ સત્તામંડળોવગેરેને સહાય |
| | હેતુ સદર ૩૧૩૩ | સ્થાનિક સંસ્થાઓને જનરલ સહાયક અનુદાન |
| (૨) | માંગણી ક્રમાંક ૯૫ | અનુ.જાતિઓ, અનુ. આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ |
| | મુખ્ય સદરઃ ૨૨૧૬ | આવાસન |
| | પેટા મુખ્ય સદર ૦૨ | શહેરી ગૃહનિર્માણ |
| | ગૌણ સદર ૧૯૦ | જાહેર સેકટર અને અન્ય ઉપક્રમોને સહાય |
| | પેટા સદર ૦૩ | આર્થિક રીતે નબળા જુથો માટે આવાસ નિમાર્ણ માટે શહેરી સ્થાનિક સંસ્થાઓ શહેરી વિકાસ સત્તામંડળો વગેરેને સહાય |
| | હેતુ સદર ૩૧૩૩ | સ્થાનિક સંસ્થાઓને જનરલ સહાયક અનુદાન |
| (૩) | માંગણી ક્રમાંક ૯૬ | આદિજાતિ પેટા યોજના |
| | મુખ્ય સદરઃ ૨૨૧૬ | આવાસન |
| | પેટા મુખ્ય સદર ૦૨ | શહેરી ગૃહનિર્માણ |
| | ગૌણ સદર ૭૯૬ | જાહેર સેકટર અને અન્ય ઉપક્રમોને સહાય |
| | પેટા સદર ૦૧ | આર્થિક રીતે નબળા જુથો માટે આવાસ નિમાર્ણ માટે શહેરી સ્થાનિક સંસ્થાઓ શહેરી વિકાસ સત્તામંડળોવગેરેને સહાય |
| | હેતુ સદર ૩૧૩૩ | સ્થાનિક સંસ્થાઓને જનરલ સહાયક અનુદાન |

# પરિશિષ્ટ-૨

ઝૂંપડપટ્ટી પુનઃ વસનની યોજના માટે નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે.

૧. આવાસની લંબાઇ જરૂરિયાત મુજબ Expansion Joint સાથે સુસંગત રહેશે.

૨. ઝૂંપડપટ્ટીના પુનઃવસન માટેની યોજનામાં માર્જીનની જગ્યા છોડીને બાકી જગ્યાનો યોજના માટે ઉપયોગ કરી શકાશે.

૩. ઝૂંપડપટ્ટી પુનઃવસનના હેતુ માટે નીચે મુજબનો માર્જીન લાગુ પડશે.

૪. ઝૂંપડપટ્ટી પુનઃવસનના હેતુ માટે નીચે મુજબનો માર્જીન લાગુ પડશે.

રસ્તા પર આવેલા પ્લોટ માટે નીચે મુજબનો માર્જીન આપવામાં આવશે.

નીચે મુજબનો માર્જીન લાગુ પાડવામાં આવશે.

| રસ્તાની પહોળાઇ | રસ્તા સાઇડ માર્જીન | બિલ્ડીંગની ઉંચાઇ | રસ્તાની સાઇડ સિવાયનું માર્જીન |
|---|---|---|---|
| ૯ મીટર સુધી | ૩.૦ | ૧૦.૦ મીટર સિલ્ટ સહિત | ૨.૫ મીટર |
| ૯ અને ૯ થી ૧૨ મીટર | ૪.૫ | ૧૫.૦ મીટર સિલ્ટ સહિત | ૩.૦ મીટર |
| ૧૨ અને ૧૨ થી ૧૮ મીટર | ૬.૦ | ૧૫ મીટર | ૩.૦ મીટર |
| ૧૮ અને ૧૮ થી ૩૦ મીટર | ૭.૫ | ૧૫ થી ૨૫ મીટર | ૪.૦ મીટર |
| ૩૦ અને ૩૦ થી ૪૦ મીટર | ૯.૦ | ૨૫ થી ૪૫ મીટર | ૬.૦ મીટર |
| ૪૦ અને ૪૦ મીટર થી વધુ | ૧૨.૦૦ | ૪૫ થી ૭૦ મીટર | ૮.૦ મીટર |

૫. બિલ્ડીંગથી કોમન પ્લોટ સુધીના માર્જીનમાં છૂટછાટ આપવામાં આવશે. પ્રવર્તમાન નિયમો મુજબ ૨૫ મીટર, અને ૨૫ મીટર કરતા વધુ ઉંચાઇ ધરાવતા બિલ્ડીંગમાં 3 મીટર અને ૬ મીટરનો માર્જીન જરૂરી છે. કેસના સંજોગોને ધ્યાનમાં લઇ, ૨૫ મીટર સુધીની ઉંચાઇ ધરાવતા બિલ્ડીંગો માટે ૧.૫ થી ૨.00 મીટરના માર્જીનની મંજૂરી આપવામાં આવશે.

૬. ઝૂંપડપટ્ટી યોજનાનું અમલીકરણ માટે ૯.0 કે તેનાથી ઓછી પહોળાઇના રસ્તા પર G+3 પ્રકારના મકાનો બનાવવાના રહેશે. ૯.0 થી ૧૮.0 મીટર પહોળાઇના રસ્તા પર G+૫ પ્રકારના મકાનો, ૧૮.0 મીટરથી વધુ પહોળા રસ્તા પર GDCR મુજબની ઉંચાઇવાળા મકાનો બનાવી શકાશે. તેમાં લીફટની મરામત અને નિભાવણીની જવાબદારી ૭ વર્ષ સુધી જે તે વિકાસકારની રહેશે. ત્યારબાદ આ અંગેનું જરૂરી ભંડોળ સંબંધિત સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં વિકાસકાર ધ્વારા જમા કરાવવાનું રહેશે.

૭. (૧) 30 Dweling યુનિટ સુધી કોઇ લીફટ રાખવાની રહેતી નથી. પરંતુ 30 યુનિટ કરતાં યુનિટ વધે તો દર યુનિટ (Or Part) પ્રમાણે વધારાની લીફટ રાખવાની રહેશે.

(૨) ઉપરોકત (૧) સિવાય ૨૫ મીટર કરતાં બાંધકામની ઉંચાઇ વધે તો એક સિવાય વધારાની લીફટ રાખવાની રહેશે.

૮. લઘુત્તમ ૨૦૦ ચો.મી. અથવા બિલ્ડીંગ યુનિટનો ૮ ટકા વિસ્તાર બે માંથી જે વધારે હોય તે કોમન પ્લોટ માટે ફાળવવાનો રહેશે.

૯. ઝૂંપડપટ્ટી પુનઃવસનના પ્લોટ પર પુનઃવસન માટે ઔડાના DP ૨૦૨૧ મુજબ આપી શકાશે.

એનેક્ષરઃ ૩

## આવાસની ફાળવણી અંગેની માર્ગદર્શક સૂચનાઓ

- આવાસનેની ફાળવણી માટે લાભાર્થીઓ પાસેથી અરજીઓ આવાસ યોજના શરૂ કરતાં પહેલાં મેળવવાની રહેશે. આવાસ યોજનાઓ સેલ્ફ ફાયનાન્સ કરવાની રહેશે.
- અરજી સાથે ભરવાની ડીપોઝીટ રકમઃ- ઇ.ડબલ્યુ.એસ.(આર્થિક રીતે નબળા વર્ગના લોકો) રૂ.૭,૫૦૦/- (રૂ. સાત હજાર પાંચસો પૂરા)
- મકાનની કુલ કિંમતના ઓછામાં ઓછા ૨૦% રકમ (અરજી સાથે ભરપાઇ કરેલ ડીપોઝીટ બાદ કરતાં બાકીની રકમ) ડ્રોમાં સફળ થયા બાદ અમલીકરણ એજન્સી (સ્થાનિક સ્વરાજયની સંસ્થા) જણાવે ત્યારે અરજદારે ત્રણ માસમાં ભરવાની રહેશે. ત્યારબાદ એક સરખા દસ હપ્તામાં બાકીની ૮૦% રકમ ભરવાની થશે. છેલ્લા હપ્તા સાથે મેન્ટેશન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઇ કરવાના થશે.
- EWS- સંયુકત વાર્ષિક આવક રૂ. ૧,૦૦,૦૦૦/- ( રૂ. એક લાખ) સુધી
- કુટુંબના કોઇપણ સભ્યના નામે જે તે શહેરમાં મકાન અથવા જમીનનો પ્લોટ હોવો જોઇએ નહીં. અરજદાર અરજીની તારીખે પુખ્તવયનો હોવો જરૂરી છે.
- વિનિયમો મુજબ આરક્ષિત કેટેગરી માટે પ્રમાણપત્ર મંગાવે ત્યારબાદ રજૂ કરવાનું રહેશે.
- સમયસર પ્રમાણપત્ર રજૂ ન થાય તો અરજી રદ થવાને પાત્ર છે. આરક્ષિત કેટેગરીમાં પૂરતી અરજી ન આવે તો અન્ય આરક્ષિત કેટેગરીમાં તબદીલ કરી શકાશે અને તેમાં પણ ન આવે તો જનરલ કેટેગરીમાં તબદીલ કરશે. આ બાબતે સંબંધિત અમલીકરણએજન્સી (ULB) નો નિર્ણય આખરી ગણાશે.
- એક યોજનામાં એક વ્યકિત ફકત એક જ ફોર્મ ભરી શકશે. પ્રત્યેક યોજના દીઠ તેઓ અલગ ફોર્મ ભરી શકશે પણ તેઓને ડ્રોમાં એકથી વધારે યોજનામાં સફળ થયા બાદ પણ એક જ યોજનામાં ફાળવણી કરવામાં આવશે.
- મકાનોની ફાળવણી કોમ્પ્યુટર ડ્રો થી કરવામાં આવશે જે અમલીકરણએજન્સી ના આવાસ ફાળવણીના વિનિયમો અને ધારાધોરણ પ્રમાણે થશે.
- આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ થયા બાદ મકાનોની ફાળવણી થાય ત્યાંસુધી અરજદારે મકાનની પૂરેપૂરી કિંમત ભરપાઇ કરવાની રહેશે. ત્યારબાદ જ તેઓને મકાનનો કબજો સોંપવામાં આવશે.
- બેંક મારફતે લોન મેળવવા અમ્લીકરણ એજન્સી તરફથી જરુરી દસ્તાવેજ પૂરા પાડવામાં આવશે.

- મકાનનો કબ્જો મેળવતાં પહેલાં અરજદારે અમ્લીકરણ એજન્સી સાથે કન્વેયન્સ-ડીડ (દસ્તાવેજ) કરવાનો રહેશે. જેનો ખર્ચ અરજદારે/ લાભાર્થીએ ભોગવવાનો રહેશે.
- આ યોજનાના લાભાર્થીઓનું જે એસોસીએશન રચવામાં આવે તેના હોદ્દેદારોએ અમ્લીકરણ એજન્સી જણાવે ત્યારે સઘળી આંતરીક સુવિધાઓ જેવી કે પાણી પુરવઠાઓ, ગટર, સ્ટ્રીટ લાઇટ, રસ્તા, લીફ્ટ સ્થાનિક સંસ્થાઓમાં તે એસોસીએશનના નામે તબદીલ કરવાની રહેશે. ત્યારબાદ, તેની મરામત/નિભાવણી સારસંભાળ તથા વેરા ભરવાની જવાબદારી તેઓની રહેશે.
- અમલીકરણએજન્સી દ્વારા મકાનની સાથે વસૂલવામાં આવેલ મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓ તબદીલ કરતી વેળા એજ એસોસીએશનના ખાતામાં જમા કરાવવામાં આવશે. જે રકમમાંથી આ સામાન્ય સુવિધાઓની વ્યવસ્થા એસોસીએશન દ્વારાકરવાની રહેશે.
- અમલીકરણએજન્સી આવાસ યોજના ખૂબજ વ્યાજબી દરે તથા આવાસન પ્રવૃતિ માટે સંપાદિત જમીન ઉપર હાથ ધરવામાં આવતી હોઇ અરજદાર ફાળવણીના સાત વર્ષ સુધી મકાન અન્યને તબદીલ કરી શકશે નહીં.
- આવકની ખોટી એફીડેવીટ રજૂ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

Annexure 4

# Planning Regulation For Affordable Housing scheme to be implemented by Gujarat Housing Board, Urban Local Bodies, Urban Development Authority ( other than mentioned in GR)

## 1. Development of Land

### 1.1 Approach Road to Building and Common Plot

1. The distance from the TP/DP roads / internal road up to the location of the entrance of a building with external edge of the staircase or common plot, shall be considered as an approach road. The width of the Approach Road shall be based on the length and use of the Building Unit as under:

| No. | Length of Road (meters) | Width of road for Residential Use (mts) | Width of road for Non-Residential Use (meters) |
|---|---|---|---|
| 1. | Up to 15 mts or less | 4.50 | 6.00 |
| 2. | Above 15 mts and up to 45 mts | 6.00 | 7.50 |

2. In case of approach road exceeding 45.0mts in length, regu ar width of the internal road shall be provided as prescribed in Planning Regulation 1.2.

3. In case of layout with more than two buildings, Planning Regulation 1.2 for Internal Road shall be applicable.

### 1.2 Internal Roads

The width of the internal roads in a layout for Residential and other than Residential

**Section C:** Planning Regulations Uses shall be regulated as under:

| No. | Length of Road (meters) | Width of road for Residential Use (meters) | Width of road for Non- Residential Use (meters) |
|---|---|---|---|
| 1 | Up to 150mts | 7.5 | 9.0 |

| | | | |
|---|---|---|---|
| 2 | Above 150mts and up to 450mts | 9.0 | 12.0 |
| 3 | Above 450mts | 12.0 | 18.0 |

### 1.3 Relaxation in Floor Space Index (FSI)

In case of building units affected by road widening or construction of new road, the owner may claim compensation or FSI from the Competent Authority for the surrendered land. In case of FSI, the Competent Authority shall permit the FSI of any such land / plot or Building Unit on the basis of the original boundary of the Building Unit. This is subject to conformity with all other requirements mentioned in these Regulations as per the new boundary.

**1.4** Generally 3.0 FSI will be available for Affordable Housing Schemes of EWS, LIG and MIG.

## 2. Building Height

### 2.1 Maximum Permissible Height

1. The Maximum Permissible Building Height shall be regulated according to the width of the road on which it abuts and as prescribed below:

| No. | Road Width (in meters) | Maximum Permissible Building Height (in meters) |
|---|---|---|
| 1 | Less than 9 mts | 10.0 |
| 2 | 9.0 mts and less than 12 mts | 15.0 |
| 3 | 12.0 mts. and less than18 mts | 25.0 |
| 4 | 18.0 mts and less than 60 mts | 45.0 |
| 5 | 60.0 mts and above | 70 |

2. The height of Building shall be measured from the Ground level of the Building unit to the top of the building.

3. Parapet of 1.15mts shall be excluded from the height consideration. Height up to 2.4mts for the following shall not be taken in to consideration in determining the

total height of building- stair-case cabin, water storage tank, parapet, lift well, lift cabin with machine room above, as per the requirements of lift inspector.

4. At the time of permitting the height and use for development of building units along the over-bridge or under-bridge, total width of the DP/TP Road shall be considered. shall be included in computation of FSI.

5. Lift, lift well with lift cabin, stair cabin, lift landing of lift well and water tank, including the walls. The width of the lift landing shall be considered equal to the width of the lift well including walls and the depth shall be maximum 2.0mts.

# 3. Margins

## 3.1 Road Side Margins for Residential and Non-Residential Uses (Except Special Buildings)

The Road Side Margin in a Building Unit shall be regulated by the Road width it abuts on as mentioned in the table below:

| No. | Road Width | Road Side Margin (in meters) |
|---|---|---|
| 1 | Up to 9.0mts | 3.0 |
| 2 | 9.01mts and up to 12mts | 4.5 |
| 3 | 12.01mts and up to 18mts | 6.0 |
| 4 | 18.01mts and up to 30mts | 7.5 |
| 5 | 30.01mts and up to 40mts | 9.0 |
| 7 | 40.01mts and more | 12.0 |

## 3.2 Build-to-Line

a. The Build-to line shall be considered as the imaginary line formed after leaving the Road side margin and the required side margins.
b. This Regulation shall be applicable for all Building Units fronting on 30mts or wider roads.

c. All buildings shall be required to coincide with this line up to a minimum of 50% of this line.

d. The Building height coinciding directly on this line shall be a minimum of three stories (ground floor plus two stories)

## 3.3 Side and Rear Margins

The minimum Side and Rear (all other than road side) Margins in a Building Unit shall be regulated on the basis of the area and proposed height of the building unit as indicated in the tables below. These are not applicable for Industrial use and Special Buildings.

## 3.4 Minimum Side and Rear Margins for Residential Building Units below 500sq.mts (for detached and semi-detached units)

1. Required Side and Rear Margins:

| Area of the Building Unit | | Required Rear Margins | Required Side Margins |
|---|---|---|---|
| 1 | Up to 150 sq.mts | 2.25mts | Not Required |
| 2 | Above 150 sq.mts and up to 300 sq.mts | 2.25mts | 1.5mts (Any one side) |
| 3 | Above 300 sq.mts and up to 500 sq.mts | 2.25mts | 3mts (Both side) Distance between two building shall be 4.5mts |




Original Building Unit




Subdivided Building Unit

2. In case of subdivision of a Survey No./ Final Plot with a sub-divided Building Unit up to 300 sq.mts., building unit shall have minimum 3mts margin on the side abutting the adjacent Survey No./ Final Plot. Refer illustration below for further clarity:

## 3.5 Minimum Side and Rear Margins for Building Units with area above 500 sqm.

| No. | Building Height | Required Margins (in meters) |
|---|---|---|
| 1 | Up to 15mts | 3.0 |
| 2 | 15.01mts up to 25mts | 4.0 |
| 3 | 25.01mts up to 45mts | 6.0 |
| 4 | 45.01mts up to 70mts | 8.0 |

## 3.6 Minimum Margin between buildings

1. Minimum distance between two buildings shall be as per the table below:

| No. | Building Height | Required Margins (in meters) |
|---|---|---|
| 1 | Up to 15mts | 4.5 |
| 2 | 15mts and up to 25mts | 6.0 |
| 3 | 25mts and up to 45mts | 9.0 |
| 4 | More than 45mts | 12.0 |

2. If two buildings next to each other have different heights, required margin for taller building shall be applicable. For example- if one building is of 25mts and the adjacent building is of 45mts in height, the minimum margin between these two buildings shall be 9.0mts.
3. The length of common wall between any two buildings shall not be less than 50% of the maximum width of the building parallel to common wall joining together at every floor.

## 3.7 Margins from Common Plot

| No. | Building Height | Required Margins (in meters) |
|---|---|---|
| 1 | Up to 25 mts | 3.0 |
| 2 | Above 25 mts | 6.0 |

## 3.8 Permissible Use in Margins

1. Ancillary uses such as parking garage, servant quarter, w.c. and bathroom shall be permitted in detached or semi-detached Residential Building Unit (Excludes apartments /tenements) subject to the following conditions:
   a. Such construction shall be considered as a part of the permissible FSI of the Building Unit
   b. Such construction shall be allowed in either one corner of the rear marginal space. This construction shall in no case cover more than half the length of the side.
   c. Maximum permissible ground coverage of such construction shall be 16.5 sq.mts
   d. Maximum permissible height for such construction shall be 3.0 mts from the level of the Building Unit
2. Doors, windows or projections shall not be permitted along the common wall of the adjoining property. No rainwater from the roof shall be drained in the adjoining property.
3. Partition wall shall not be allowed in the margins except on common boundary of semi-detached building and along the Building Unit boundary up to a maximum height of 1.5mts.
4. Underground water tank, percolation well, surface water tank up to 1.5mts in height from ground level, bore well and pump room with a maximum size of 1.5mts X 1.5mts and with a maximum height of 1.8mts for detached and semi-detached residential use only.
5. Electrical substation transformer room, Box-type transformer, meter room according to the norms of the Competent Electric Company shall be permitted in other than Road margin of the building unit.
6. For Building Units for all uses other than Industrial and Institutional Use, a structure for security cabin of maximum dimensions of 2.0mts x2.0mts with maximum height of 2.4mts shall be permitted in the front margin. The area of such construction shall be counted towards computation of FSI.
7. For Industrial and Institutional use, a security cabin structure up to a maximum Ground Coverage area of 15sq.mts with maximum height of 2.4mts shall be permitted in the front margin. Such a structure shall be at a minimum distance of 4.5mts from the Building. The area of such construction shall be counted towards computation of FSI.
8. In any marginal open space, weather sheds sun breakers horizontal or vertical projections shall be permitted up to 0.60mts. These projections may also be part of the façade articulation at various levels, but shall in no cases be at the floor level such that they become a part of the habitable space. Such projects shall not be allowed at the ground level only above a height of 2.4 mts from the ground level.
9. In case of detached and semi-detached dwelling unit- a 1.00mts wide, open, cantilever stair with maximum 2.00mts landing space at floor level shall be permitted except in road side margin.

### 3.9 Restricted Use in Margins

1. The marginal open spaces as required shall be kept permanently open to sky.
2. This space shall not be used for stocking materials or loose articles for the purpose of trade or otherwise, putting up fixed or movable platforms.
3. The sunk in lower ground floor or basement provided for the purpose of light/ ventilation shall not be permitted in the marginal open space.
4. No difference shall be permitted in the ground level of the marginal space of the building (in cases where the permitted margin of the basement is lesser than the permitted margin of the super structure).

## 4. Internal Open Space

The minimum width of any interior open space used for light or ventilation of the rooms shall be regulated based on the smaller side of this open space as follows:

| No. | Building Height | Minimum dimension of the smaller side |
|---|---|---|
| 1. | Up to 15mts | 1.8mts |
| 2. | Above 15mts and up to 25mts | 2.5mts |
| 3. | Above 25mts and up to 45mts | 3.0mts |
| 4. | Above 45mts | 6.0mts |

## 5. Parking

Parking spaces for vehicles shall be provided within the Building Unit for every new Building and /or extension in existing building constructed for the first use and /or when the use of old building is changed to any of the uses mentioned in the table below :

| Type of Use | | Minimum Parking Required | Visitor's Parking and Remarks |
|---|---|---|---|
| 1 | Residential Building-Detached/ Semi Detached/ Plotted Development | (a)1 car parking – for more than 80 sq.mts and up to 300 sq.mts of Total Utilized FSI area. Additional 1 car parking for every 100sq.mts additional FSI area. | 10%, of the required parking space as mentioned in (a)&(b) shall be provided as Visitors parking |
| Flats / Apartments | | (b) 20% of Total Utilized FSI | |